31-50

નં.વપસ/૨૭.બં/ /૨૦૧૭
અગ્રમુખ્ય વન સંરક્ષકશ્રી(વન્યજીવ)ની
કચેરી,અરણ્યભવન,બ્લોક બી /૧,
ગાંધીનગર.
તા. ૬/૦૪/૨૦૧૭

**વિષય : કાંટાળા તારની વાડની યોજના કૃષિ અને સહકાર વિભાગને તબદીલ કરવા બાબત.**

સંદર્ભ: ૧. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક ડબલ્યુએલપી –૨૦.૫/૪૯૧ / ગ.૧(૧૬૭૪) તા.૨૦–૫–૨૦૦૫
૨. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૧૬/એસ.એફ –૪૫/ડબલ્યુ તા.૩૦–૧૨–૨૦૧૬
૩. વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ કમાંક વપસ/૧૦૨૦૧૭/૩૧૮/ડબલ્યુ તા.૨૪–૩–૨૦૧૭

ઉપરોકત વિષયે મુખ્ય વન સંરક્ષકશ્રી અને વન સંરક્ષકશ્રી ( તમામ )નું ઘ્યાન દોરતા જણાવવાનું કે,રાજયમાં કાંટાળા તારની વાડની યોજનાનો અમલ અત્યાર સુધી વન વિભાગ ધ્વારા કરવામાં આવતો હતો.

રાજય સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૧૭/૩૧૮/ડબલ્યુ તા.૨૪–૩–૨૦૧૭થી ( નકલ સામેલ છે ) નકકી કર્યા મુજબ વર્ષ ૨૦૧૭–૧૮થી ( તા.૧–૦૪–૨૦૧૭ થી )કાંટાળા તારની વાડ બનાવવાની યોજનાનો અમલ કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા કરવાનું ઠરાવવામાં આવેલ છે. જેથી સદર યોજનાનો ચાલુ નાણાકીય વર્ષથી વન વિભાગના બદલે કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા અમલ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી છે.

રાજય સરકારના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૧૭/૩૧૮/ડબલ્યુ તા.૨૪–૩–૨૦૧૭માં ઠરાવ્યા મુજબ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭–૧૮થી કૃષિ અને સહકાર વિભાગમાં સદર યોજના નીચે દર્શાવેલ શરતોને આધીન રહી તબદીલ કરવામાં આવે છે.

૧. આ યોજનામાં તા.૩૦–૧૨–૨૦૧૬ના ઠરાવથી સુધારો કરી અગાઉની વ્યકિતલક્ષી યોજનાને બદલે ખેડૂતોનું જુથ (કલ્સ્ટર) બનાવી યોજના અમલમાં મુકવા નિર્ણય થયો છે. ઉકત ઠરાવના ફકરા ક્રમાંક–૫ મુજબ તા.૨૩–૧૧–૨૦૧૬ પહેલાં મંજૂર કરી દેવામાં આવી

હોય અને જે તે ખેડૂત ધ્વારા કામ ચાલુ કરી દેવામાં આવેલ હોય તે વ્યકિતગત અરજીઓની મંજુરીનો અમલ વન અને પર્યાવરણ વિભાગમાં ચાલુ રાખવાનો રહેશે.

૨. તા.૨૩–૧૧–૨૦૧૬ પહેલા વ્યકિત લાભાર્થીઓની યોજના અમલમાં હતી તેની અમલવારી માટે ચુકવવાની થતી સહાયની રકમ કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા વન અને પર્યાવરણ વિભાગ હસ્તક મુકવાની રહેશે.

મુખ્ય વન સંરક્ષકશ્રી અને વન સંરક્ષકશ્રી ( તમામ )નું આ તબકકે ધ્યાન દોરતા જણાવવાનું કે, સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ ક્રમાંક વપસ/૧૦૨૦૧૬/એસ.એફ –૪૫/ડબલ્યુ તા.૩૦–૧૨–૨૦૧૬થી ઠરાવ્યા મુજબ અગાઉ સદર યોજનાનો વન વિભાગ ધ્વારા અમલ કરવામાં આવી રહેલ હતો તેને અનુસંધાને જે અરજીઓ સક્ષમ અધિકારીશ્રીઓ ધ્વારા તા.૨૩–૧૧–૨૦૧૬ પહેલા મંજૂર કરી દેવામાં આવી હોય અને જે તે ખેડૂત ધ્વારા કામ ચાલુ કરી દેવામાં આવેલ હોય તે અરજીઓનો અમલ વન વિભાગ ધ્વારા ચાલુ રહેશે તેમ ઠરાવવામાં આવેલ. જેથી તેમના વર્તુળ હેઠળના વિભાગમાં તા.૨૩–૧૧–૨૦૧૬ પહેલાં જે કેસોમાં મંજૂરી આપી દેવામાં આવેલ છે અને ખેડૂતો ધ્વારા કામની શરુઆત પણ કરવામાં આવેલ હોય તે તમામ કિસ્સાઓની યાદી આ સાથે સામેલ પત્રકની વિગત મુજબ તૈયાર કરી તાત્કાલિક અત્રે સાદર કરવામાં આવે તેવી સુચના આપવામાં આવે છે.

વિશેષમાં તેઓનું ધ્યાન દોરતા જણાવવાનું કે, સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના તા.૩૦–૧૨–૨૦૧૬ના ઠરાવ પછી ગ્રુપ (કલ્સ્ટર )માં તેમની પાસે જે અરજીઓ આવેલ છે તે તમામ અરજીઓ જે તે જિલ્લાના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓને તાત્કાલિક મોકલી આપવા સુચના આપવામાં આવે છે, જેથી કૃષિ અને સહકાર વિભાગ તરફથી આવી પડતર અરજીઓ અંગે આગળની કાર્યવાહી કરી શકાય.

સદર યોજના હવે કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા અમલ માટે મુકવામાં આવેલ હોઈ તેમના કે તેમના તાબા હેઠળ ફરજ બજાવતા નાયબ વન સંરક્ષકશ્રી ધ્વારા કાંટાળા તારની વાડની કોઈ પણ અરજી ન સ્વીકારવા અને અરજદારને જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીનો સંપર્ક કરવા સલાહ આપવા સુચના આપવામાં આવે છે.

તદ્ઉપરાંત વર્તુળ હેઠળના આવતા તમામ જિલ્લાઓના જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીઓને આ સાથે સામેલ દસ્તાવેજોનો ( પરિશિષ્ટ–૧ પ્રમાણેનો ) એક સેટ તેમની કક્ષાએથી સત્વરે પહોંચતા કરવા સુચના આપવામાં આવે છે, જેથી કૃષિ અને સહકાર વિભાગ ધ્વારા સદર યોજનાની અમલવારી સરળતાથી કરી શકાય.

બિડાણ: ઉપર મુજબ

( જી.કે.સિન્હા )
અગ્ર મુખ્ય વન સરંક્ષક,વન્યજીવ
ગુજરાત રાજય,ગાંધીનગર.

પ્રતિ,

(૧) મુખ્ય વન સંરક્ષકશ્રી ( તમામ )
(૨) વન સંરક્ષકશ્રી ( તમામ )

નકલ રવાના :
નાયબ વન સંરક્ષકશ્રી (તમામ )
........તરફ જાણ તથા જરુરી કાર્યવાહી સારું.

નકલ સવિનય રવાના :

૧. અગ્રસચિવશ્રી,કૃષિ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

૨. ખેતી નિયામકશ્રી,ખેતી નિયામકશ્રીની કચેરી,કૃષિ ભવન,સેકટર–૧૦ એ,ગાંધીનગર...
... તરફ જાણ સારું.